# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૧૯ NO 145 તારીખ: 19 SEP 2019

રજી. એ.ડી. દ્વારા

પ્રતિ,
સર્વેશ્વર હર્બલસ(એલએલપી),
અનીલ ક્રીસ્ન પી. ગોયલ,
પ્લોટ નંબર-૧ થી ૧૦, સર્વે નંબર-૫૫૫/૨,
નાગોર રોડ, ભુજ- કચ્છ,
મોબાઇલ નંબર:- ૮૭૮૦૪ ૧૩૯૨૭

વિષય:- કેસ નંબર પીજી૦૨/૦૦૩/૨૦૧૯-૨૦

સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૨/૦૦૩/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ
(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, ભુજ રૂરલ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ NO 145 તારીખ: 19 SEP 2019

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-003-2019-20.

અરજદાર: સર્વેશ્વર હર્બલ એલએલપી
પ્લોટ નં. ૧ અને ૧૦, સર્વે નંબર – ૫૫૫/૨, નાગોર રોડ,
તા.-ભુજ, જિ.-કચ્છ.

રજૂઆત કરનાર: શ્રી ઈશ્વરલાલ એમ. વેલાણી(અધિકૃત પ્રતિનિધિ)

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભુજ
રજૂઆત કરનાર: શ્રી એન.ડી.ઠક્કર, નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, ભુજ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી
શ્રી એસ.એ.મેમણ, હિસાબી અધિક્ષક(આવક), પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ

## :: કોરમ ::

૧) શ્રી જે.બી.પારેખ, કાર્યવાહક ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૨૯/૦૮/૨૦૧૯

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી સર્વેશ્વર હર્બલ પ્લોટ નંબર ૧ અને ૧૦, સર્વે નંબર - ૫૫૫/૨ ભુજ સીમમાં મધ્યે ભુજ વિભાગીય કચેરી હેઠળ નવા એચ.ટી. જોડાણ નંબરથી ૨૦૦ કેવીએનું વીજજોડાણ હર્બલ્સ પ્રોડક્ટ હેતુ અર્થે અરજી કરેલ અને નવું વીજજોડાણ મેળવેલ.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રી જરૂરી ડોક્યુમેન્ટ સાથે નવી અરજીનું રજીસ્ટ્રેશન ભુજ વિભાગીય કચેરીએ તા. ૦૧/૦૫/૨૦૧૯ના રોજ કરેલ. જેનું સંપૂર્ણ સર્વે કર્યા બાદ સદર કચેરી દ્વારા ભાવપ્ત્રક નંબર બીજેડીએન/ટી-૨/એચ.ટી./એસ્ટી/૧૯-૨૦/૨૩૩૫, તા. ૧૦/૦૫/૨૦૧૯ રૂ. ૧૨,૯૪,૧૯૬નું મળતાં રસીદ નંબર ૧૧૦૩૦૭/૮/૯/૧૦ તા. ૦૩/૦૬/૨૦૧૯ના રોજ ભરેલ.

૧.૩ અરજદારશ્રીને સદર પાવર વીજજોડાણની જરૂરિયાત ઉભી થતાં પીજીવીસીએલ પાસે રૂબરૂ મળતાં એક માસ પછી પીજીવીસીએલ લેટર નંબર બીજેડીએન/ટી-૨/એચ.ટી./એસ્ટી/૧૯-૨૦/૩૩૯૭, તા. ૦૮/૦૭/૨૦૧૯ વાળું ભાવપત્રક વધારાની ૭૦૧ મીટર ૧૧ કેવી લાઈનના રૂ. ૨,૨૪,૮૦૩નું ભરવાપાત્ર થાય છે. એવો પત્ર આપેલ. જે ભરપાઈ થયેથી આપને વીજજોડાણ માટેનું કામ રીલીઝ કરવામાં આવશે.

૧.૪ અરજદારશ્રીના સદર જગ્યા પર બીજા એલ.ટી. વીજજોડાણને ૨ વર્ષ થયેલ ન હોતાં વધારાના ભાવપત્રક મુજબ એચ.ટી. લાઈનના ચાર્જિસ ભરવા પડશે. જે અમોએ પીજીવીસીએલ રસીદ નંબર – ૮૦૬૨૩ તા. ૧૧/૦૭/૨૦૧૯ના રોજ વાંધા અરજી સાથે ભરપાઈ કરેલ.

૧.૫ અરજદારશ્રીએ વધારાનું ભાવપત્રક ગેરવ્યાજબી છે જે બાબતે અમારો વાંધો તેમજ રજૂઆત જે-તે વખતે તા. ૧૧/૦૭/૨૦૧૯ના રોજ કરેલ.

૧.૬ અરજદારશ્રી સર્વે નંબર ૫૫૫/૨ (પ્લોટ નંબર ૧ થી ૧૦) માટે ભુજ મધ્યે નોન એગ્રીકલ્ચર જમીનમાં પ્રાઈવેટ વોટર વર્ક્સ હેતુસર ૧૦ કિલોવોટ માટે તા. ૨૮/૦૮/૨૦૧૮ ના રોજ ભુજ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીએ અરજી કરેલ. જેનું રૂ. ૪૦૦+૩૬+૩૬ રસીદ નંબર ૬૦૫૯૯૭-૬૦૫૯૯૮-૬૦૫૯૯૯, તા. ૦૫/૦૯/૨૦૧૮ના રોજ નોંધણી કરાવેલ.

૧.૭ અરજદારશ્રી દ્વારા સદર કચેરી દ્વારા સંપૂર્ણ સર્વે કર્યા બાદ રૂ. ૨૦,૪૨૪/- નું ભાવપ્ત્રક નંબર ૫૯૮૦ તા. ૧૭/૦૯/૨૦૧૮ના મેળવેલ. જેમાં સર્વે કેટેગરી 'ડી' દર્શાવેલ છે. લાઈન લેન્થ – ૦.૭ કિમી બતાવેલ છે. જે રકમ રસીદ નંબર ૬૦૮૦૯૪-૬૦૮૦૯૫-૬૦૮૦૯૬-૬૦૮૦૯૭, તા. ૧૭/૦૯/૨૦૧૮ના રોજ ભરપાઈ કરેલ છે. જેના અનુસંધાને સદર કચેરીએથી તા. ૧૨/૧૦/૨૦૧૮ના રોજ વીજજોડાન નંબર ૩૮૮૨૧/૧૦૩૫૦/૧ ચાલુ કરી આપેલ. જેનું નિયમિત બીલીંગ થાય છે તેમજ ભરપાઈ કરવામાં આવે છે.

૧.૮ અરજદારશ્રી સર્વે નંબરના જ પ્લોટ નંબર ૧ અને ૧૦માં ઉપરોક્ત દર્શાવ્યા અનુસાર નવું એચ.ટી. કનેક્શન ૨૦૦ કેવીએ તા. ૦૧/૦૫/૨૦૧૯ના અરજી કરતાં પીજીવીસીએલના નિયમે પ્રાઈવેટ વોટરવર્ક્સ કનેક્શનમાં પાવર બાઉન્ડ્રી ઘટાડવા હેતુસર (ટોટલ પ્લોટ નંબર ૧ થી ૧૦ ના બદલે ૨ થી ૯ માટે) અરજી તા. ૧૪/૦૫/૨૦૧૯ના ભુજ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીએ કરેલ.

૧.૯ આમ, અરજદારશ્રી સદર બન્ને જોડાણ એચ.ટી. તેમજ એલ.ટી. વોટર વર્કસ અલગ પાવર બાઉન્ડ્રીથી ચાલે છે. તેમજ વચ્ચે આંતરિક રોડ પણ આવેલ છે. બન્ને સ્વતંત્ર છે. તો ઉપરોક્ત ભરાયેલ વાંધા હેઠળની રકમ રૂ. ૨,૨૪,૮૦૩/- વ્યાજ સહિત પરત મેળવવા અમોએ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી સર્વેશ્વર હર્બલ એલ.એલ.પી.એ એલ.ટી. કનેક્શન ૧૦ કિલોવોટનું ૧૩.૫ હોર્સપાવરનું પ્રાઈવેટ વોટરવર્ક્સ માટે સર્વે ૫૫૫/૨ ભુજ સીમમાં પ્લોટ નંબર ૧ થી ૧૦ મધ્યે તારીખ ૦૫/૦૯/૨૦૧૮ના રોજ અરજી કરેલ.

૨.૧ આ એલ.ટી. કનેક્શન માટેની એચ.ટી. લાઈન કુલ ૭૦૧ મીટરની હતી જેમનો ભાવપત્રક અરજદારશ્રી દ્વારા તા. ૧૭/૦૯/૨૦૧૮ના રોજ ભરપાઈ કરવામાં આવેલ અને સદરહુ કનેક્શન ગ્રાહક નંબર ૩૮૮૨૧/૧૦૩૫૦/૧ થી તા. ૧૨/૧૦/૨૦૧૮ના રોજ રીલીઝ કરવામાં આવેલ અને કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ ઉપરોક્ત કનેક્શનમાં ફિક્સ ચાર્જ લેવામાં આવેલ. લાઈન ચાર્જ લેવામાં આવેલ નહીં.

૨.૨ અરજદારશ્રીએ સર્વે નંબર ઉપર પ્લોટ નંબર ૧ અને ૧૦માં નવા એચ.ટી. કનેક્શન માટેની અરજી તા. ૩૦/૦૪/૨૦૧૯ના રોજ કરેલ જેમનું નિયત ભાવપત્રક અરજદારને તા. ૧૦/૦૫/૨૦૧૯ના રોજ આપવામાં આવેલ. જે તા. ૦૩/૦૬/૨૦૧૯ના રોજ ભરપાઈ કરવામાં આવેલ.

૨.૩ અરજદારશ્રીએ તા. ૧૪/૦૫/૨૦૧૯ના રોજ ભુજ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી ખાતે સર્વે નંબર ૫૫૫/૨ ભુજ સીમમાં પ્લોટ નંબર ૧ થી ૧૦ની જગ્યાએ પ્લોટનંબર ૨ થી ૯ સુધી પાવર બાઉન્ડ્રી ઘટાડવા માટેની અરજી કરેલ જેમની સામે નાયબ ઈજનેર ભુજ ગ્રામ્ય પેટાવિભાગ દ્વારા તા. ૦૮/૦૭/૨૦૧૯ના પત્રથી સદર જગ્યા પર જ્યાં પાવર બાઉન્ડ્રી ઘટાડવાની છે એ જગ્યાએ બાઉન્ડ્રી બનાવેલ ન હોવાથી પાવર બાઉન્ડ્રી ઘટાડવી શક્ય નથી. એ પ્રમાણેનો જવાબ સદરહુ ગ્રાહકને અપાયેલ. ત્યારબાદ પાવર બાઉન્ડ્રીના ઘટાડાની મંજૂરી અધૂરાશ પૂર્ણ કર્યાથી આપવામાં આવેલ અને સદરહુ જગ્યાના પ્લોટ નંબર ૧ અને પ્લોટ નંબર ૧૦ ઉપર નવું એચ.ટી. કનેક્શન તા. ૨૩/૦૭/૨૦૧૯ના રોજ રીલીઝ કરવામાં આવેલ.

૨.૪ અરજદારશ્રીને આ એચ.ટી.કનેક્શન માટે ભુજ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીમાંથી આવેલ દરખાસ્ત મુજબ સદરહુ એલ.ટી. કનેક્શનગ્રાહક નંબર ૩૮૮૨૧/૧૦૩૫૦/૧ પ્રાઈવેટ વોટર વર્ક્સના રીલીઝ થયા ને બે વર્ષ થયેલ ન હોવાથી કુલ ૭૦૦ મીટર ની એચ.ટી. લાઈન જે સદર એલ.ટી. કનેક્શન માટે જે ઉભી કરવામાં આવેલ તેમની લાઈન ચાર્જ રૂ. ૨,૨૪,૮૦૩ નવા એચ.ટી. કનેક્શનના અરજદાર પાસેથી લેવાપાત્ર થાય છે. એમ દરખાસ્ત આવેલ.

૨.૫ ઉપરોક્ત બાબતને ધ્યાને લેતાં અને ભુજ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીની દરખાસ્તને આધારે અને સક્ષમ અધિકારી સાથે ચર્ચા મુજબ અરજદારશ્રીને વધારાનું ભાવપત્રક રૂ. ૨,૨૪,૮૦૩/- તા. ૦૮/૦૭/૨૦૧૯ના રોજ આપવામાં આવેલ. (કંપનીના પરિપત્ર નંબર પીજીવીસીએલ/રજી.સેલ/૯૭૪૦, તા.૨૧/૦૯/૨૦૧૨ મુજબ) જે તા. ૧૧/૦૭/૨૦૧૯ના રોજ વાંધા સાથે ભરપાઈ કરવામાં આવેલ જેથી ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં ફરિયાદ ઉદભવેલ છે.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળાની લેખિત રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.1 સદર કેઈસનો વિગતવાર અભ્યાસ કરતા મેસર્સ સર્વેશ્વર હર્બલ એલએલપીના નામથી એલ ટી કનેક્શન ૧૦ કિ.વો: ૧૩.૫ હોપાના પ્રાઈવેટ વોટરવર્કસ માટે: સર્વે નંબર - ૫૫૫/૨ ભુજ સીમમાં પ્લોટ નંબર ૧ થી ૧૦ મધ્યે તા-૦૫.૦૯.૨૦૧૮ ના રોજ નવા કનેક્શન માટે અરજી કરવામાં આવેલ.

3.2 સદરહુ એલ.ટી કનેક્શન માટેની એચટી લાઈન કુલ ૭૦૧ મીટર હતી. જેમનો ભાવપત્રક સદરહુ અરજદાર દ્વારા તારીખ-૧૭.૦૯.૨૦૧૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ અને સદરહુ કનેક્શન ગ્રાહક નંબર-૩૮૮૨૧/૧૦૩૫૦/૧ થી તારીખ-૧૨.૧૦.૨૦૧૮ ના રોજ રીલીઝ કરવામાં આવેલ અને કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ ઉપરોક્ત કનેક્શનમાં ફિક્સ ચાર્જ લેવામાં આવેલ. લાઈન ચાર્જ લેવામાં આવેલ નહી.

3.3 ઉપરોક્ત ગ્રાહકે સદરહુ સર્વે નંબર પ્લોટ નંબર ૧ થી ૧૦માં નવા એચટી કનેક્શન માટેની અરજી તારીખ-૩૦.૦૪.૨૦૧૯ ના રોજ કરેલ. જેમનો નિયત ભાવપત્રક સદરહુ અરજદારને તા-૧૦.૦૫.૨૦૧૯ના રોજ આપવામાં આવેલ જે તારીખ-૦૩.૦૬.૨૦૧૯ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ.

3.4 ઉપરોક્ત એલ.ટી. ગ્રાહકે તારીખ-૧૪.૦૫.૨૦૧૯ ના રોજ ભુજ રૂરલ પેટાવિભાગીય કચેરી ખાતે સર્વે નંબર-૫૫૫/૨ ભુજ સીમમાં પ્લોટ નંબર ૧ થી ૧૦ ની જગ્યાએ પ્લોટ નંબર ૨ થી ૯ સુધી પાવર બાઉન્ડ્રી ઘટાડવાની માટેની અરજી કરેલ આ પાવર બાઉન્ડ્રી ઘટાડવાની મંજુરી મળ્યા બાદ સદર જગ્યાના પ્લોટ નંબર-૦૧ અને પ્લોટ નંબર ૧૦ ઉપર નવું એચટી કનેક્શન તારીખ-૨૩.૦૭.૨૦૧૯ ના રોજ રીલીઝ કરવામાં આવેલ.

3.5 સદર એચટી કનેક્શન રીલીઝ કરતા પહેલા અરજદારને ૭૦૧ મીટર એચટી લાઈન પેટે રૂપિયા રૂ. ૨,૨૪,૮૦૩/- નો એસ્ટીમેટ આપવામાં આવેલ. જે એસ્ટીમેટ અરજદાર દ્વારા વાંધા સાથે તારીખ-૧૧.૦૭.૨૦૧૯ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ.

3.6 પીજીવીસીએલ દ્વારા વધારાના એસ્ટીમેટ અંગે ફોરમ સમક્ષ કોર્પોરેટ ઓફીસ પીજીવીસીએલના ACEC(R&C) દ્વારાઇસ્યુ કરવામાં આવેલ ગાઈડલાઈન પત્ર-PGVCL/Reg. Cell/Tech/9740 Dtd-21.09.2012 રજુ કરવામાં આવેલ છે. આ પત્રમાં એલટી માંથી એચટી કનેક્શનમાં કન્વર્ઝન કરવા માટેના જરૂરી એસ્ટીમેટ અંગેની ગાઈડલાઈન આપવામાં આવેલ છે આ ગાઈડ લાઈનમાં નીચે દર્શાવ્યા મુજબ જરૂરી સ્પષ્ટતા કરવામાં આવેલ છે. "In this regards it is to inform that presently company do not recover charges on actual basis from LT Category consumers for releasing new connection, but charges are recovered on average basis irrespective of amount of network to be created for releasing such connection. Therefore, LT consumer who has paid "Fixed Charges" while getting new connection and request for conversion from LT to HT within two years period, estimate for providing HT power supply may be prepared considering technical feasibility before release of such LT Connection and charges may be recovered accordingly giving due credit for the amount paid (Fixed Charges) while getting LT connection. However, it may be noted that for the purpose of "Technical Feasibility" on the aspect of electrical parameters like voltage regulations, actual established current etc., prevailing parameters be considered."

૩.૭ ઉપરોક્ત દર્શાવેલ ગાઈડલાઈન કોર્પોરેટ ઓફીસ પીજીવીસીએલ દ્વારા એલટીમાંથી એચટી કનેક્શનના કન્વર્ઝન માટે આપવામાં આવેલ છે. સદર કિસ્સામાં અરજદાર દ્વારા ફીકસ કોસ્ટ મુજબ પ્રાઈવેટ વોટરવર્કસ માટેનું એલટી કનેક્શન મેળવીને, એલટી કનેક્શન રીલીઝ થયાના ૨(બે) વર્ષના એસ્ટીમેટ પીરીયડમાં મૂળભૂત પ્લોટ નંબર ૦૧ થી ૧૦ની બાઉન્ડ્રી ઘટાડીને જે રીતે પ્લોટ નંબર ૦૧ અને ૧૦માં એચટી કનેક્શન મેળવવામાં આવેલ છે. આ તમામ સંજોગોનો અભ્યાસ કરતા સદર કીસ્સામાં એલટી કનેક્શનમાંથી એચટી એચટી કનેક્શનમાં કન્વર્ટ કરવા અંગેની કોર્પોરેટ ઓફીસને જે ગાઈડ લાઈન છે. આ same logic સદર કીસ્સામાં લગાવવું જોઈએ. તેવું ફોરમનું મંતવ્ય છે.

૩.૮ ઉપરોક્ત સંજોગોમાં પીજીવીસીએલ દ્વારા આપવામાં આવેલ વધારાનો એસ્ટીમેટ રૂ. ૨,૨૪,૦૮૩/-ફોરમના મંતવ્ય મુજબ નિયમને સુસંગત છે.

૩.૯ આ સંજોગોમાં અરજદારની સદર એસ્ટીમેટની ભરપાઈ કરેલ રકમ વ્યાજ સાથે પરત કરવાની અરજી ગ્રાહ્ય રાખી શકાય નહી.

૪.૦ આમ, અરજદારશ્રીની અરજી ફેંસલ કરવામાં આવે.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.બી.પારેખ)
કાર્યવાહક ચેરપર્સન

<u>નોંધ:</u>

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯